ગુજરાતમિત્ર

## ગતિવિધિ

### શ્રી દશાનીમા મહિલા મંડળ દ્વારા ફુલફાગ ઉત્સવ ઉજવવામાં આવ્યો



વડોદરા : શ્રી દશાનીમા મહિલા મંડળ, વડોદરા દ્વારા કારેલીબાગ ખાતે હોળી ફાગફૂલ રસિયા અંતર્ગત ફુલફાગ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમાં આશરે 300 જેટલી બહોનેએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રસિયાની રમઝટ સાથે તાલ મિલાવી આનંદપૂર્વક રંગબેરંગી પુષ્પોથી હોળી ખેલ્યા હતા. આ કાર્યક્રમમાં વડોદરામાં વ્યવસાય કરતા દાહોદ, ઝાલોદ, બારીયા, વિરપુર, મોડાસા, સંતરામપુર, ફતેપુરાની બહેનોએ ભાગ લીધો હતો. પ્રોગ્રામમાં તેમણે ગરબાની રમઝટ બોલાવી હતી.

### જમનાબાઈ ખાતે હાજીઓ માટે વેક્સિન મુકવાનો કાર્યક્રમ યોજાયો



વડોદરા : ગુજરાત રાજ્ય હજ કમિટી માંથી જનાર હાજીઓ માટે વડોદરા શહેર જિલ્લાનું વેક્સિનેશન મૂકવાનું આયોજન આજરોજ વડોદરા શહેરની જમનાબાઈ હોસ્પિટલ ખાતે શરૂ થયું જેમાં આજે 162 લાભાર્થીઓએ લાભ લીધો આ વેક્સિનેશનનું કેમ્પ સતત ત્રણ દિવસ ચાલશે જેમાં વડોદરા શહેર જિલ્લાના 482 હજીઓ લાભ લેશે. આર એમ ઓ તેમજ ડોક્ટર પરમાર, ફારુક સોની, મોઈન સૈયદની ઉપસ્થિતિમાં પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

### યુ.સી.માસ એક્ઝામમાં ઝેનિથ સ્કૂલનો ઝફીર લાડમનને ટ્રોફી એનાયત




વડોદરા : યુ.સી.માસ એક્ઝામ-2026, જે ઝેનિથ સ્કુલ ખાતે થયેલ જેમાં ઝફીર ઈમરાન લાડમન ને ચેમ્પિયન ટ્રોફી ડૉ. સ્નેહલ કરીયા (ceo) હસ્તે મળેલ છે.

### જિલ્લા નાયબ નિયામક કચેરીનું સ્થળાંતર4, તરસાલી ખાતે કાર્યરત

વડોદરા : આથી સર્વ સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે જિલ્લા નાયબ નિયામક(વિકસતી જાતિ)ની કચેરીનું સ્થળાંતર કરવામાં આવેલ છે. હવે જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી પૂજ્ય રવિશંકર મહારાજ સરકારી કુમાર છાત્રાલય (વિકસતી જાતિ),પુષ્ટી સ્કૂલની બાજુમાં,તરસાલી બાયપાસ, ધનીયાવી રોડ,તરસાલી, વડોદરા ખાતે કાર્યરત છે. આથી સંબંધિત તમામ નાગરિકોને નોંધ લેવા તથા આગળથી કામકાજ માટે ઉપરોક્ત નવા સરનામે સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

### કારેલીબાગ સ્થિત પીર બડે હઝરત શાહ દાદા (રે.અ.)ની ઉર્સની ઉજવણી

વડોદરા : કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલના સામે આવેલી સુફી સંત પીર બડે હઝરત શાહ દાદા (રે.અ.)ના ઉજવણી બે દિવસ કરવામાં આવશે. ઉર્સના પ્રથમ દિવસે 13 ફેબ્રુઆરીએ ગાદીનશીન સૈયદ સમીરઅલી જાગીરદાર બાપુની નિગરાણી હેઠળ 7.30 કલાકે મજાર શરીફ પર સંદલ ચઢાવવામાં આવશે અને ત્યારબાદ નિયાઝ અને પછી રાતીબે રિફાઈનો જલ્સો થશે. જ્યારે તા.14ને શનિવારે રાત્રે 9 કલાકે નાત શરીફનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

### વડોદરામાં ‘પ્રશસ્ત 2.0’ સ્ક્રીનીંગ એપને અનુલક્ષીને અભિવૃદ્ધિ બેઠક યોજાઇ

વડોદરા : સમગ્ર શિક્ષા અભિયાન - વડોદરા દ્વારા આજે જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકો માટે ‘પ્રશસ્ત 2.0’ સ્ક્રીનીંગ એપની તાલીમ તેમજ શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ બેઠક વિષય પર એક મહત્વપૂર્ણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ. આઈ. જોષીએ પોતાના પ્રેરક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષણની ગુણવત્તા માત્ર પુસ્તકના જ્ઞાન પૂરતી સીમિત નથી, પરંતુ અભ્યાસની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન પણ એટલું જ અનિવાર્ય છે. તેમણે ઉપસ્થિત આચાર્યો અને શિક્ષકોને પોતાની કાર્યશૈલીનું આત્મનિરીક્ષણ કરવાની મીઠી ટકોર કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ અહમનો વ્યવસાય નથી. આ ક્ષેત્રમાં મતભેદ કે મનભેદને કોઈ સ્થાન હોતું નથી. ડો. જોષીએ પોતાના શિક્ષક તરીકેના અનુભવો કહી સમગ્ર સેવાકાળ દરમિયાનના વાસ્તવિક અનુભવો વર્ણવીને વડોદરા જિલ્લાની શૈક્ષણિક ગુણવત્તાને માત્ર ફરજ ન ગણતા, કર્તવ્યભાવથી આગળ વધારવા આહવાન કર્યું છે.

---

**પ્રધાનમંત્રી આવાસના રહીશોએ સાથે મળી પોકાર્યો વિરોધ, ઉગ્ર આંદોલનની ચીમકી**

# ગોત્રીના શિવાલય હાઈટ્સમાં ગટરના ગંદા પાણીનું સામ્રાજ્ય, નરકાગાર જેવી સ્થિતિમાં રહેવા રહીશો મજબૂર

(પ્રતિનિધિ ) વડોદરા તા.11

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલી ગોત્રીની શિવાલય હાઈટ્સ (પ્રધાનમંત્રી આવાસ યોજના) ના રહીશો આજે તંત્રની ઘોર નિષ્કાળજીનો ભોગ બન્યા છે. છેલ્લા ઘણા સમયથી ગટરની લાઈનો ચોકઅપ થઈ જવાથી સોસાયટીના માર્ગો પર ગંદા પાણી ફરી વળ્યા છે.

રોગચાળાની ભીતિ અને અસહ્ય દુર્ગંધ વચ્ચે જીવવા મજબૂર બનેલા રહીશોએ આજે ભેગા મળીને પાલિકા સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થિતિ એટલી હદે વણસી છે કે નિર્દોષ બાળકોએ શાળાએ જવા માટે ગટરના ગંદા પાણી માંથી પસાર થઈને જવું પડે છે. ડ્રેનેજના ગંદા પાણી ને કારણે ખુબ જ ખરાબ દુર્ગંધ આવે છે, ગટરના ગંદા પાણીમાં મચ્છર અને માખીનો ઉપદ્રવ વધી ગયો છે. જેના કારણે કોઈ ગંભીર રોગચાળો ફેલાય તેવી દહેશત છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, અમે અનેકવાર રજૂઆતો કરી છતાં પાલિકાના અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. શું તંત્ર કોઈ મોટી બીમારી કે રોગચાળો ફાટી નીકળે તેની રાહ જોઈ રહ્યું છે ? આ ઘટના વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને ડ્રેનેજ સિસ્ટમની પોકળતા છતી કરે છે.

**કરોડોના ટેન્ડર ક્યાં વપરાઇ જાય છે ?**

શહેરના વિકાસ માટે ફાળવવામાં આવતા કરોડો રૂપિયાના બજેટ છતાં જો નાગરિકોને નરકાગારમાં રહેવું પડતું હોય, તો આ નાણાં ક્યાં વપરાય છે તે તપાસનો વિષય છે.શહેરમાં ઠેર-ઠેર ગટર અને ગંદા પાણીની સમસ્યા જાણે વડોદરાની ઓળખ બની ગઈ છે. શિવાલય હાઇટ્સના રહીશોનો આ આક્રોશ એ સત્તાધીશો માટે લાલબત્તી સમાન છે. સત્તાના નશામાં ચૂર નેતાઓ અને AC કેબિનમાં બેસતા અધિકારીઓ ક્યારે આ ગ્રાઉન્ડ રિયાલિટી સમજશે તે મોટો પ્રશ્ન છે. આગામી દિવસોમાં ગટરની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો રહીશો પાલિકા કચેરીએ જઈને હલ્લાબોલ કરશે અને ઉગ્ર આંદોલન છેડશે.



**ભ્રષ્ટાચારની ગંધ :** રહીશોમાં ભારે રોષ છે કે નેતાઓ માત્ર મલાઈ ખાવામાં મસ્ત છે અને ગરીબ-મધ્યમ વર્ગના આવાસની સુવિધાઓ રામભરોસે છોડી દેવામાં આવી છે.
**બેદરકારીની પરાકાષ્ઠા :** વારંવાર એકની એક સમસ્યા સર્જાય છે, જે દર્શાવે છે કે પાલિકા પાસે કોઈ કાયમી ઉકેલ નથી, માત્ર થીગડા મારવાની નીતિ છે.

---

# ફ્રાન્સની યુનિ.ઓમાં અભ્યાસ અર્થે ગ્લોબલ કોલાયન્સમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.11

શહેરના અલકાપુરી વિસ્તારમાં આવેલ સ્ટડી એબ્રોડની જાણીતી સંસ્થા ગ્લોબલ કોલાયન્સ ખાતે ફ્રાન્સની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા માટેના ખાસ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં પહેલીવાર કેમ્પસ ફ્રાન્સથી ફ્રાન્સ એમ્બેસીના માધ્યમે સુજીત નાયરે ફ્રાન્સમાં અભ્યાસ અર્થે જનારા વિદ્યાર્થિઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ અવસરે એમ. એસ. યુનિ.ની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસના ડીન ડૉ. અંબિકા પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સ્ટડી ટુ ફ્રાન્સ વિશે માહિતી આપતા સુજીત નાયરે જણાવ્યું હતું કે, હાલમાં ફ્રાન્સની યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ અપાય છે. ઉપરાંત ભણતરની સાથે પેઈડ ઈન્ટર્નશીપની પણ તક મળી રહે છે. આ સાથે ગ્લોબલ કોલાયન્સના યુરોપ વિભાગના હેડ શ્રદ્ધા તન્નાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર અને ફ્રાન્સ વચ્ચેના અનેક કરારને કારણે હાલમાં બિઝનેસ, એન્જિનિયરિંગ, AI અને મેનેજમેન્ટ સાથે હોસ્પિટલિટીના કોર્સમાં ઉજ્જવળ ભવિષ્ય છે. જે માટે થઈને કેમ્પસ ફ્રાન્સ, કેઈડીજીઈ બિઝનેસ સ્કૂલ, ઈએસએસસીએ બિઝનેસ સ્કૂલ, ઈએમએલવી, બિઝનેસ સ્કૂલ, આઈસીએન બિઝનેસ સ્કૂલ અને ઓએમએનઈસી એજ્યુકેશ ગ્રૂપ સહિતની અનેક એજ્યુકેશન સંસ્થાના પ્રતિનિધિઓએ ફ્રાન્સમાં અભ્યાસ અર્થે જનારા વિદ્યાર્થિઓને વિષયગત માહિતી પ્રદાન કરી હતી.

---

**ભોળાનાથને રીઝવવા ત્રિ દિવસીય મહાશિવરાત્રી મહોત્સવનો આજથી શુભારંભ**

# બ્રહ્માકુમારીઝ અટલાદરા દ્વારા શિવરાત્રી નિમિત્તે 90 હજાર રત્નોથી સુશોભિત શિવલિંગ બનશે

**મહાશિવરાત્રિ** પર્વે વડોદરામાં જુદા જુદા શિવ મંદિરોમાં ભક્તિ પૂર્ણ આયોજનોની તૈયારીઓ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

મહાશિવરાત્રીનો પર્વ નજીકમાં આવી રહ્યો છે ત્યારે વડોદરામાં જુદા જુદા શિવ મંદિરોમાં ભક્તિ પૂર્ણ આયોજનોની તૈયારીઓ થઈ રહી છે. ભગવાન ભોળાનાથને રિઝવવા માટે મહાશિવરાત્રીમાં શ્રદ્ધાળુ ભાવિકો દ્વારા ઠેર ઠેર શિવ મંદિરોમાં જલ અભિષેક દૂધ અભિષેક બિલ્વાભિષેક સાથે રુદ્રાભિષેક થશે. શિવજીના મંગલ સ્ત્રોત ના ગાયન થી વાતાવરણ ભક્તિ પૂર્ણ બનશે. દર વર્ષની માફક આ વર્ષે મહાશિવરાત્રી નિમિત્તે બ્રહ્માકુમારીસ અટલાદરા દ્વારા 90 હજાર રત્નોથી સુશોભીત શિવલિંગની પ્રતિકૃતિના દિવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે

ભાવિકોને દ્વાદશ જ્યોતિર્લિંગમ દર્શન, વિશાલ હીરા નું શિવલિંગ,શિવ શંકરની ઝાંખી,અમરનાથ દર્શન,શિવલિંગ દુગ્ધાભિષેક,ચૈતન્ય દેવીઓની ઝાંખી, પરમાત્મ અનુભૂતિ કક્ષ,જીવન મૂલ્ય પ્રદર્શની,માઈન્ડ સ્પા,વેલ્યુ ગેમ્સ,વ્યસનમુક્તિ પ્રદર્શની અને શિક્ષણમાં નવી દિશા વિશે જોવા મળશે તા.12 ના સાંજે શુભારંભ મહાશિવરાત્રી પર્વ નિમિત્તે આગામી 13 તારીખથી ત્રણ દિવસના શિવોત્સવના આયોજનની વિગતોના સંદર્ભમાં જણાવ્યું હતું કે શિવ દર્શન નો કાર્યક્રમ અહીંના બ્રહ્માકુમારીઝ આત્મચિંતન ભવન અટલાદરા સેવા કેન્દ્ર પર રાખવામાં આવ્યો છે.

શિવરાત્રી મહોત્સવ તા.13 થી 15 ફેબ્રુઆરી દરમિયાન દરરોજ સવારે 9 થી સાંજે 9 કલાક સુધી દર્શન અર્થે ખુલ્લો રહેશે દરરોજ સાંજે 7 કલાકે મહાઆરતી યોજાશે. તા.12 ફેબ્રુઆરીના સાંજે 5 કલાકે મહાશિવરાત્રી મહોત્સવ અને વિશ્વ પરિવર્તન મહાકુંભ જ્ઞાન મેળાને રાજ્યોગીની બી.કે. ડો.અરુણા દીદી તથા ગણ માન્ય અતિથિઓ ના હસ્તે ખુલ્લો મુકવામાં આવશે. 90 મી શિવજયંતિ ની ઉજવણી નિમિત્તે મહાશિવરાત્રી ના દિવસે ગણમાન્ય અતિથિઓ દ્વારા 90 દીપ પ્રાગટ્ય કરવામાં આવશે અને શિવ ધ્વજા રોહણ કરવામાં આવશે.

---

**સ્માર્ટ સિટી કે ડસ્ટ સિટી ? ભીમનાથ બ્રિજ માર્ગ પર તંત્રની આળસથી જનતાના શ્વાસ રૂંધાયા**

# વડોદરામાં વિકાસનો ફિયાસ્કો, જેલ રોડ પર પાલિકાએ પ્રજાના સુખ-ચેનનું 'ખોદકામ' કર્યું

કાચબા ગતિએ કામ અને રોકેટ ગતિએ ટ્રાફિક, વડોદરાના જેલ રોડ પર 'વિકાસ' મુસીબત બન્યો

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

વડોદરામાં સ્માર્ટ સિટીના નામે ચાલતા વિકાસકામો હવે નાગરિકો માટે ‘મુસીબત’નું પર્યાય બની ગયા છે. શહેરના વ્યસ્ત ગણાતા જેલ રોડથી ભીમનાથ બ્રિજ સુધીના માર્ગ પર વરસાદી કાસ (ડ્રેનેજ) નાખવાની કામગીરી કાચબા ગતિએ ચાલતા વાહનચાલકો અને સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પાલિકાના ઈજનેરો અને કોન્ટ્રાક્ટરની મિલીભગત અને આયોજનના અભાવે આ વિસ્તાર અત્યારે ધૂળ અને ટ્રાફિકના નરકમાં ફેરવાઈ ગયો છે. જેલ રોડ એ શહેરનો મુખ્ય ધમધમતો રસ્તો છે, પરંતુ છેલ્લા ઘણા સમયથી અહીં ખોદકામ કરી દેવામાં આવ્યું છે. રસ્તાનો અડધો ભાગ બ્લોક હોવાથી પીક અવર્સમાં તો ઠીક, પણ હવે ભર બપોરે પણ કલાકો સુધી ટ્રાફિક જામ ના દ્રશ્યો સર્જાય છે. એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ આ જામમાં ફસાય છે, જેનાથી કોઈ મોટી હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ખોદકામ બાદ રસ્તા પર પડેલી માટીના કારણે વાહનો પસાર થતા જ ધૂળની પ્રચંડ ડમરીઓ ઉડે છે. શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરા ની રાહદારીઓ કરી રહ્યા છે ફરિયાદ. ધૂળને કારણે વિઝિબિલિટી ઘટતા અકસ્માતનો ભય સતત રહે છે. સ્થાનિક રહીશો નો આક્ષેપ છે કે કામ શરૂ કર્યાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં ગ્રાઉન્ડ લેવલ પર કોઈ પ્રગતિ દેખાતી નથી. કોન્ટ્રાક્ટર દ્વારા પૂરતા માણસો રાખવામાં આવ્યા નથી અને પાલિકાના અધિકારીઓ સ્થળ પર મુલાકાત લેવાની તસ્દી પણ લેતા નથી. અમે વેરા ભરીએ છીએ પણ બદલામાં અમને માત્ર ધૂળ અને ટ્રાફિક મળે છે. જો વહેલી તકે આ કામ પૂરું નહીં થાય તો અમે ઉગ્ર આંદોલન કરીશું. તંત્ર જાગશે કે જનતા પીસાતી રહેશે તે એક સવાલ ? ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે જો આ વરસાદી કાસની કામગીરી સમયસર પૂરી નહીં થાય, તો આ વિસ્તારમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાશે. શું વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન આ બાબતે ગંભીરતા દાખવશે કે પછી નાગરિકોએ આવી જ રીતે હાલાકી વેઠવી પડશે એ જોવું રહ્યું.



---

**રણોલી બ્રિજના એક તરફનો ભાગ ઉતારતી વખતે ગર્ડર તૂટી પડ્યું**



■ વડોદરા શહેર નજીક આવેલા રણોલી ઓવરબ્રિજની એક તરફની બ્રિજ ઉતારવાની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન આરસીસી ગર્ડર તૂટી પડતા મોટી હોનારત થતા અટકી હતી. નોંધનીય છે કે, વર્ષ 2017 થી આ બ્રિજ ઉપયોગ કરી ન શકાય તેવી પરિસ્થિતિમાં મુકાયો હતો. અનેક રજૂઆત બાદ તેના નવીનીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. એક તરફના બ્રિજના કામમાં પાંચ છ વર્ષ નીકળી ગયા બાદ હવે બીજી તરફનો બ્રિજ ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ દરમિયાન આરસીસી ગર્ડર અચાનક તૂટી પડતા કામગીરી અટકાવી પડી હતી. નજીકમાંથી જ મુખ્ય રેલ્વે લાઇન પણ પસાર થતી હોય મોટી દુર્ઘટના થતા ટળી હતી. આ ઘટનાને લઈ બીજી ક્રેઈનની મદદ લેવાઈ હતી.

---

**વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (VCCI) ભારત અને અમેરિકા વચ્ચે થયેલ ઐતિહાસિક ટ્રેડ ડીલનું હાર્દિક સ્વાગત કરે છે**

# ભારત-અમેરિકા ઐતિહાસિક ટ્રેડ ડીલને વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું સ્વાગત

પ્રતિનિધિ ) વડોદરા તા.8

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI) ભારત અને અમેરિકા વચ્ચે થયેલ ઐતિહાસિક ટ્રેડ ડીલનું હાર્દિક સ્વાગત કરે છે. ચેમ્બર માને છે કે આ મહત્વપૂર્ણ અને દુરંદેશી નિર્ણય ભારતના આર્થિક વિકાસ, વૈશ્વિક વેપાર સંબંધો તથા ઉદ્યોગક્ષેત્ર માટે એક મજબૂત અને દીર્ઘકાલીન અસર ધરાવતું પગલું સાબિત થશે. આ ટ્રેડ ડીલના પરિણામે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર, ટેકનોલોજી, ઉત્પાદન, સેવા ક્ષેત્ર તેમજ રોકાણમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતની વધતી ભૂમિકા વચ્ચે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થા સાથે મજબૂત વેપાર સંબંધો સ્થાપિત થવું દેશ માટે મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે. ખાસ કરીને MSME ક્ષેત્ર માટે આ કરાર ગેમ-ચેન્જર સાબિત થશે. નાના, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોને અમેરિકાના વિશાળ અને વિકસિત બજારમાં પ્રવેશ માટે નવી તકો મળશે. નિકાસમાં વધારો, ગુણવત્તા સુધારણા, ટેકનોલોજી ટ્રાન્સફર અને વૈશ્વિક ધોરણો સાથે સ્પર્ધાત્મકતા વધારવામાં આ ડીલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેના પરિણામે રોજગારીની તકોમાં વધારો થશે અને સ્થાનિક ઉત્પાદનને વૈશ્વિક ઓળખ મળશે. વડોદરા જિલ્લો ઔદ્યોગિક રીતે અગ્રેસર છે, જ્યાં કેમિકલ, ફાર્મા, એન્જિનિયરિંગ, ટેક્સટાઈલ, મશીનરી અને વિવિધ ઉત્પાદન ક્ષેત્રોમાં MSME ઉદ્યોગો નોંધપાત્ર યોગદાન આપે છે. આ ટ્રેડ ડીલથી વડોદરા સહિત સમગ્ર ગુજરાતના ઉદ્યોગોને નિકાસ ક્ષેત્રમાં નવી ગતિ મળશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ મજબૂતી મળશે. વડોદરા ચેમ્બર માને છે કે આ કરાર “મેક ઈન ઈન્ડિયા”, “આત્મનિર્ભર ભારત” અને “વોકલ ફોર લોકલ” જેવી રાષ્ટ્રીય પહેલોને વધુ પ્રોત્સાહન આપશે. વધતા નિકાસ અને વિદેશી રોકાણના માધ્યમથી ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના લક્ષ્ય તરફ આ ટ્રેડ ડીલ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. આ સંદર્ભમાં VCCIના વરિષ્ઠ ઉપપ્રમુખ હિમાંશુભાઈ પટેલે પણ આ ઐતિહાસિક પગલાનું સ્વાગત કરી ભારતના વૈશ્વિક વેપાર હિતમાં લેવામાં આવેલા નિર્ણય માટે સંતોષ વ્યક્ત કર્યો છે.

---

**કિર્તિસ્તંભ, વડોદરા ખાતે ‘મહાશિવરાત્રિ પર્વ અંતર્ગત**

# સ્વદેશી હાટ’નું ઉદ્ઘાટન કરતાં આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ

પ્રતિનિધિ ) વડોદરા તા.11

આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના વરદહસ્તે મહાશિવરાત્રિ પર્વ અંતર્ગત સ્વદેશી હાટ’નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર અને ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર કારીગરોને યોગ્ય બજાર અને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સતત ચિંતિત છે, જેના ભાગરૂપે જ આજે વડોદરા ખાતે સ્વદેશી હાટનું દસ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે આ પ્રદર્શનનો મુખ્ય હેતુ રાજ્યના અંતરિયાળ ગામોના કારીગરોની વંશપરંપરાગત કલાને જીવંત રાખી તેમને સીધું માર્કેટિંગ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે જેથી સ્થાનિક કલાને પ્રોત્સાહન મળે. આ અવસરે મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, “આપણી ભવ્ય અને ભાતીગળ કલા વારસો એ ગુજરાતની ઓળખ છે. સ્વદેશી હાટ જેવા આયોજનો દ્વારા છેવાડાના માનવી અને ગ્રામીણ કારીગરોને તેમની કલાકૃતિઓનું યોગ્ય વળતર મળી રહે છે. સરકારનો આ પ્રયાસ કારીગરોને આર્થિક રીતે સદ્ધર બનાવી ‘આત્મનિર્ભર ભારત’ના સ્વપ્નને સાકાર કરવા તરફનું એક મક્કમ પગલું છે. આ પ્રસંગે રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરે કારીગરોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, “વડોદરા એ કલા અને સંસ્કારની નગરી છે. અહીંના કલાપ્રેમી નાગરિકો જ્યારે કારીગરો પાસેથી સીધી ખરીદી કરે છે, ત્યારે માત્ર વસ્તુ જ નથી વેચાતી પણ એક કલાકારની મહેનત અને સંસ્કૃતિનું સંવર્ધન થાય છે. આ પ્લેટફોર્મ મધ્યસ્થીઓ વિના કારીગરોને સીધો નફો અપાવવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.



મંત્રી નરેશભાઇ પટેલ તથા રાજયમંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વદેશી હાટનું ઉદ્દઘાટન કાર્યક્રમ પહેલા કલેકટર કચેરી ખાતે વડોદરા અર્બન હાટ બાંધકામની પ્રગતિ અંગેની સમીક્ષા બેઠક જિલ્લાના અધિકારીઓ સાથે કરી હતી આ સ્વદેશી હાટમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આશરે ૨૦૦ જેટલા વ્યક્તિગત કારીગરો, હસ્તકલા-હાથશાળ મંડળીઓ, સ્વસહાય જૂથો અને NGO ભાગ લઈ રહ્યા છે.

---

### વડોદરા જિલ્લામાં ‘રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ’ની ઉજવણી

પ્રતિનિધિ ) વડોદરા તા.11

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દર વર્ષે ૧૦ ફેબ્રુઆરીને “રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ” તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષે પણ વડોદરા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મીનાક્ષી ચૌહાણના અધ્યક્ષ સ્થાને એક સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ હેઠળ જિલ્લાની આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ તેમજ હાઈસ્કૂલોમાં અભ્યાસ કરતા ૧ થી ૧૯ વર્ષના કુલ ૩,૫૦,૯૧૧ બાળકોને કૃમિનાશક દવા ગળાવવામાં આવી છે. ‘સ્વસ્થ વડોદરા, સ્વસ્થ ગુજરાત અને સ્વસ્થ ભારત’ના ઉમદા ધ્યેયને હાંસલ કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા આ એક સંનિષ્ઠ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. સામાન્ય રીતે બાળકોમાં ખુલ્લા પગે ફરવાની, ધૂળમાં રમવાની અને જમતા પહેલા હાથ ન ધોવાની આદતો જોવા મળતી હોય છે, જેના કારણે તેમના પેટમાં કૃમિ થવાની સંભાવના રહે છે. આ કૃમિના કારણે બાળકોમાં કુપોષણ, ચીડિયાપણું અને પેટના દુખાવા જેવી અનેક આરોગ્યલક્ષી સમસ્યાઓ ઉદભવે છે. જેની સીધી અસર બાળકોની વૃદ્ધિ, શારીરિક વિકાસ અને તેમના શિક્ષણ પર પણ પડતી હોય છે. આ તમામ પાસાઓને ધ્યાને રાખીને જિલ્લાના ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને એકસાથે કૃમિનાશક ગોળી ગળાવવાનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો છે. આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ કૃમિનાશક ગોળીની કોઈ પણ પ્રકારની આડઅસર થતી નથી.

---

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ ડાયવર્ઝન/માટેની જાહેર નોટીસ**

ગોત્રી રોડ પર યશ કોમ્પ્લેક્ષથી હરીનગર બ્રીજ જંકશન સુધી નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઈજારદાર દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે યશ કોમ્પ્લેક્ષથી હરીનગર બ્રીજ નીચેના જંકશન સુધીના રસ્તા પર કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તબક્કાવાર બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે કામગીરીવાળા કેરેજ-વેના કામગીરી સિવાયના ભાગનો તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No.૧૧૬૬/૨૫-૨૬ ડ્રેનેજ પ્રોજેકટ શાખા દ્વારા પ્રકાશિત

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**બંધ કરેલ રસ્તા વાળા ભાગમાં પાર્કીંગ તેમજ અવરજવર ન કરવા અંગેની જાહેર સૂચના**

કારેલીબાગ L&T સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધી નવીન ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી માટે P.R.O.No. ૧૦૫૮/૨૫-૨૬ થી L&T સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધીના રસ્તા પર જમણી/ડાબી બાજુનો કેરેજ વે તા: ૨૧.૦૧.૨૦૨૬થી કામ પૂર્ણ થતાં સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે રસ્તો રસ્તો એકમાર્ગીય કરવા માટે તથા જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ જાહેર નોટીસ આપવામાં આવેલ. હાલમાં ઈજારદાર દ્વારા સ્થળે કામગીરી શરૂ કરવામાં આવેલ છે. પરંતુ કામગીરીના સ્થળની બાજુમાં ખાણીપીણીની દુકાનો/ સ્ટોલ્સ/ લારીઓ વિગેરે હોવાના કારણે જાહેર જનતા ટુ વ્હીલર અને ફોર વ્હીલર કામની જગ્યાની આસપાસ પાર્ક કરતા હોવાનું ધ્યાને આવેલ છે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી તેમજ કામગીરીમાં વપરાતી હેવી મશીનરીઝ, બાંધકામનું મટીરીયલ વિગેરેને કારણે અકસ્માત થવાનો ભય રહેલ છે. જેથી ભવિષ્યમાં કોઈ અકસ્માત ન સર્જાય તે હેતુસર જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં અને ટુ વ્હીલર અને ફોર વ્હીલર પાર્ક કરવું નહીં તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સાથ સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ. નં. ૧૧૬૭/૨૫-૨૬ ડ્રેનેજ પ્રોજેકટ શાખા દ્વારા પ્રકાશિત